આદર્શ નિવાસી શાળા (કુમાર),
સિદસર, જિ.ભાવનગરના ફર્નિચરની
આઈટમના અંદાજોની વહીવટી
મંજુરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2024/0162/G Section
સચિવાલય, ગાંધીનગર
તા.૦૮/૦૮/૨૦૨૪

**વંચાણે લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.03/૦૫/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક: અનશ-૧૦૨૦૧૧-ન.બા.-૩૪/ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૭/૦૬/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: અનશ-૧૦૨૦૧૧-ન.બા.-૩૪/ગ

(3) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૨૭/૦૯/૨૦૨૩ના પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૧/૨૦૨૨-૨૩/૪૦૯૪

**આમુખ:**

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને અન્ય વર્ગોના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓની જેમ શિક્ષણની તક મળે તે માટે રાજ્યભરમાં આદર્શ નિવાસી શાળા(કુમાર અને કન્યા) ખાતે ધોરણ ૯ થી ૧૨ના અભ્યાસક્રમો માટે રહેવા, જમવા તેમજ શિક્ષણની નિશુલ્ક સુવિધા આપવામાં આવે છે. વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના વિભાગના તા.03/૦૫/૨૦૧૧ ઠરાવથી આદર્શ નિવાસી શાળા (કુમાર), સિદસર, જિ.ભાવનગરના મકાન બાંધકામ માટે રૂ.૨૫.૦૦/- લાખની બજેટીય જોગવાઈ કરવામાં આવેલ હતી. તેમજ વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૧૭/૦૬/૨૦૧૫ના ઠરાવથી સદર સંસ્થાના મકાન બાંધકામ માટે રૂ.૧૮૦૦.૦૦/-લાખની સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલા ક્રમાંક (૩) પરના તા.૨૭/૦૯/૨૦૨૩ના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના પત્રથી સદર સંસ્થાના ફર્નિચરકામ માટે રૂ.૭૬,૨૫,૦૦૦/-ના અંદાજોને વહીવટી મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરેલ હતી, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, આદર્શ નિવાસી શાળા (કુમાર), સિદસર, જિ.ભાવનગરના મકાનના ફર્નિચરકામ માટે રૂ.૭૬,૨૫,૦૦૦/-નો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી રીવાઈઝ્ડ એસ્ટીમેટમાં જોગવાઈ કરાવી લેવાની શરતે મંજૂરી આપવામાં આવે છે.

સદર વહીવટી મંજૂરી નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 08-Aug-2024 (12:49 PM)

(૩) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાવિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ નાણાકીય વર્ષના અંતે સરન્ડર કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં - ૯૫, મુખ્ય સદર - ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ અનુસૂચિત આદિજાતિઓ અન્ય પછાતવર્ગો અને લઘુમતિઓનું કલ્યાણ અંગે મુડી ખર્ચ, પેટા મુખ્ય સદર - ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર - ૨૭૭ શિક્ષણ, પેટા સદર - ૦૪ SCW – 32 સરકારી મકાનોના અપગ્રેડેશન અને મોર્ડનાઈઝેશનની જોગવાઈમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણા વિભાગની તા.૦૧/૦૮/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના માન.રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 08-Aug-2024 (12:49 PM)

O/C
08/08/24

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ - ૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જિ.ભાવનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી, અ.જા.ક. મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૪